# <u>વિશ્વ મહિલા દિવસ</u>

## <u>કે.ડી.પોલિટેકનિક પાટણ ,તા-૦૮-૦૩-૨૦૧૯</u>

અત્રેની સંસ્થા કે.ડી.પોલિટેકનિક પાટણ ખાતે ૮મી માર્ચ ૨૦૧૯ ના રોજ વિશ્વ મહિલા દિનની ઉજવણીનું આયોજાણ કરવામાં આવેલ હતું. દર વર્ષે વિશ્વ મહિલા દિનની ઉજવણી મહિલાઓના આર્થિક,સામાજિક,સાંસ્કૃતિક અને રાજકીય ક્ષેત્રે તેમને હાસલ કરેલી સિદ્ધિઓનું મહત્વ દર્શાવે છે. વધુમાં આ દિવસ જાતીય સમાનતા તરફ નો વેગ સૂચવે છે.

સંસ્થામાં મહિલા વિશ્વ દિનની ઉજવણી નિમિતે વિવિધ કાર્યક્રમો તેમજ રમત નું આયોજન કરવામાં આવ્યું. સંસ્થાનાં કેન્ટીન બિલ્ડીંગમાં સંસ્થાના આચાર્ય શ્રી એ.ડી.પટેલ,તમામ ખાતાના વડા ,વ્યાખ્યાતાઓ અને વિદ્યાર્થીઓની હાજરી વચ્ચે કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી,ત્યાર પછી જીમખાનાના કન્વીનરશ્રી દ્વારા વેલકમ સ્પીચ આપવામાં આવી. સંસ્થાના આચાર્યશ્રી દ્વારા મહિલાઓનું વિવિધ ક્ષેત્રમાં યોગદાન અને તેમના હકો વિષે માહિતગાર કરવામાં આવ્યા. સદર દિન નિમિતે તમામ ખાતાના વડા દ્વારા પ્રાસંગિક પ્રવચન કરવામાં આવ્યું. સંસ્થા ની વિદ્યાર્થીનીઓ દ્વારા એક પાત્રીય અભિનય,વકતૃત્વ વગેરે માં પોતાનું કૌશલ્ય રજુ કર્યું. આભાર વિધિ દ્વારા આ કાર્યક્રમનું સમાપન થયું હતું.

કાર્યક્રમ પૂર્ણ થયા બાદ બપોર પછી વિદ્યાર્થીનીઓએ સંગીત ખુરશીની રમતમાં ભાગ લીધો.રમત પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીનીઓ માટે લીંબુ સરબત તેમજ નાસ્તાનું આયોજન કરવામાં આવ્યું હતું.ત્યાર બાદ વિદ્યાર્થીનીઓએ ગરબામાં ભાગ લીધો હતો.

આમ કે.ડી.પોલીટેક્નીક,પાટણ ખાતે આચાર્યશ્રી, તમામ ખાતાના વડા, વુમન સેલના સભ્યો અને જીમખાનાના કન્વીનરશ્રી ના સહિયારા પ્રયત્નથી વિશ્વ મહિલા દિનની ઉજવણીમાં ભાગીદાર થયી ને મહિલા સશક્તિકરણનો એક સહીયારો પ્રયત્ન કરવામાં આવ્યો.










**સંસ્થામાં મહિલા વિશ્વ દિનની ઉજવણી નિમિતે વિવિધ કાર્યક્રમો અને રમત આયોજન ની તસવીર**